# બાગાયત મહાવિદ્યાલય
## સ. દાં. કૃષિ યુનિવર્સિટી
## જગુદણ – ૩૮૪૪૬૦ જિ. મહેસાણા (ગુજરાત)

ડૉ. પિયુષ વર્મા,

ઈ/ચા આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષ

ઈ–મેઈલ:deanhorti@sdau.edu.in


જા.નં.સ.દા.કૃ.યુ./બા. મ. વિ./એસ.એસ.આઇ.પી/ ૪૪૯૯ /૨૦૨૬/ તા. ૧૨/૦૨/૨૦૨૬

પ્રતિ તંત્રી શ્રી,

સંદેશ મહેસાણા

વિષય : વિના મૂલ્યે આપના દૈનિક સમાચાર પત્રમાં પ્રેસ નોટ પ્રસિદ્ધ કરવા બાબત

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદાર કૃષિનગરના તાબા હેઠળની બાગાયત મહાવિદ્યાલય, જગુદણ ખાતે તા. ૧૦/૦૨/૨૦૨૬ના રોજ બાગાયત મહાવિદ્યાલય, સ.દા.કૃ.યુ., જગુદણ ખાતે પ્રથમ ઈન્ફોટેક ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે એકદિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવેલું હતું. આ સમાચાર પ્રસિદ્ધ પામે તે હેતુસર તેની પ્રેસનોટ આ સાથે સામેલ રાખી મોકલી આપું છું તો આપના દૈનિક સમાચારમાં યોગ્ય જગ્યાએ તે પ્રેસ નોટ વિના મૂલ્ય પ્રસિદ્ધ કરવા વિનંતી.

આચાર્ય

## પ્રેસ નોટ

બાગાયત મહાવિદ્યાલય, સ.દા.કૃ.યુ., જગુદણ ખાતે "Artificial intelligence" વિષય પર વર્કશોપ યોજાયો

જગુદણ:

તા. ૧૦/૦૨/૨૦૨૬ના રોજ બાગાયત મહાવિદ્યાલય, સ.દા.કૃ.યુ., જગુદણ ખાતે પ્રથમ ઈન્ફોટેક ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે એકદિવસીય વર્કશોપ યોજાયો. બાગાયત મહાવિદ્યાલયના આચાર્ય તથા વિદ્યાશાખાધ્યક્ષ ડૉ. પિયુષ વર્મા દ્વારા વિદ્યાર્થીઓને પ્રથમ ઈન્ફોટેક ફાઉન્ડેશન હેઠળની વિવિધ આઈ.ટી. પ્રવૃત્તિઓ, રોજગાર કુશળતા અને ઇન્ટરવ્યુની તૈયારીઓ માટેની પ્રવૃત્તિઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. આ પ્રસંગે પ્રથમ ઈન્ફોટેક ફાઉન્ડેશન તરફથી આવેલ જાગૃતિબેન સોલંકી અને ચૌધરી માનસીબેન આઈ.પી. એન્ડ ટી.એ., મેહસાણાએ "પ્રથમ ઈન્ફોટેક ફાઉન્ડેશન" અંગે માહિતી આપી અને આ વર્કશોપમાં સંશોધનકારો તથા મહત્વાકાંક્ષીઓ માટે આઈ.ટી. જ્ઞાન અત્યંત લાભદાયી હોવાનું જણાવ્યું સાથો સાથ AI ના ફાયદા અને ગેરફાયદા વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરેલ. એકદિવસીય વર્કશોપમાં બાગાયત મહાવિદ્યાલયના પ્રાધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સદર વર્કશોપનું સંકલન ડૉ. વાય. બી. ચૌહાણ અને ડૉ. ઉર્વશીબેન દ્વારા કરવામાં આવેલ.